| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૧૭/૦૧/૨૦૨૫ |
| કેસ રજી.લીધા તા. | ૧૭/૦૧/૨૦૨૫ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૨૫/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

---

**<u>ફોજદારી કેસ નં.૨૫૦/૨૦૨૫</u>**
**<u>આંક–૨૧</u>**

**શ્રી સ ર કા ર .....ફરીયાદી**

**<u>–: વિરૂધ્ધ :–</u>**

**ભગવાનજીભાઇ તુલસીદાસ કારીયા ઉ.વ.૬૪**
**રહે. માધવપુર ગામ, માધવરાય મંદિરની બાજુમાં**
**કન્યા શાળાની સામે**
**તાબે માધવપુર,તા.જી.પોરબંદર .....આરોપી**

**ગુનો:– આઇ.પી.સી. કલમ–૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીશ એકટ–૧૯૬૩ ની કલમ–૩૦ મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**આરોપી તરફે વિ.વ.શ્રી.બી.બી.લાખાણી**

---

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપીએ કોઇપણ જાતની ડો.ની માન્ય યુનિવર્સીટીની લાયકાત કે ડિગ્રી ન હોવા છતાં ગઇ તા. ૧૪/૦૫/૨૪ ના કલાક ૧૮:૧૫ વાગ્યાના અરસામાં માધવપુર ગામ, માધવરાય મંદિર પાસે કન્યા શાળા સામે પોતાના હવાલાના રહેણાંક મકાનમાં

મેડીકલ પ્રેકટીસ કરી કેપ્સ્યુલ તથા ઈન્જેકશનો વિગેરે દવાઓ આપી પ્રેકટીસ કરી કપ્સ્યુલ તથા ટેબલેટ તથા ઈન્જેકશનો તથા મેડીકલ તપાસણીના સાધનો કિંમત રૂા. ૯૭,૯૭૮/– તથા રોકડ રૂા. ૨,૮૩૦/– એમ મળી કુલ રૂા. ૧,૦૦,૮૦૮/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી અન–અધિકૃત રીતે અન્ય વ્યકિતઓની શારીરીક સલામતી જોખમમાં મુકાય એવી રીતે બેદરકારી થી મેડીકલ પ્રેકટીસ કરી મળી આવી પકડાઇ જઇ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીસનર એકટ–૧૯૬૩ ની કલમ–૩૦ મુજબનો ગુનો કરી તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવતા, આરોપીએ તેની સામેનાં ગુન્હાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

**–: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :–**

| | |
|---|---|
| **આંક–૦૬** | **પંચસાહેદ રોહિત રમણીકભાઇ અટારાની જુબાની** |
| **આંક–૦૭** | **પંચનામું** |
| **આંક–૦૬** | **પંચસાહેદ કિશોર વિનુભાઇ રાયમગીયાની જુબાની** |
| **આંક–૦૮** | **ફરીયાદી રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાની જુબાની** |
| **આંક–૦૯** | **ફરીયાદ** |
| **આંક–૧૧** | **સાહેદ ડો.રવિ રૂડાભાઇ ગરચરની જુબાની** |
| **આંક–૧૨** | **પત્ર** |
| **આંક–૧૩** | **દવા અંગેનો મેડીકલ ઓફીસરનો અભિપ્રાય** |

| | |
|---|---|
| **આંક–૧૪** | **દવાનું લીસ્ટ** |
| **આંક–૧૭** | **સાહેદ દિપકભાઇ ઓધવજીભાઇ જોષીની જુબાની** |
| **આંક–૧૮** | **સાહેદ ભરતસિંહ કાળુભા ગોહીલની જુબાની** |
| **આંક–૧૯** | **તપાસ અમલદાર ચંદ્રેશભાઇ હાજાભાઇ સોલંકીની જુબાની** |
| **આંક–૨૦** | **ડેપ્યુટ હુકમ** |

(૪) ત્યારબાદ સદર કામે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદાઓ :–**

| | |
|---|---|
| **(૧)** | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ કોઈપણ જાતની ડો.ની માન્ય યુનિવર્સીટીની લાયકાત કે ડિગ્રી ન હોવા છતાં ગઈ તા. ૧૪/૦૫/૨૪ ના કલાક ૧૮:૧૫ વાગ્યાના અરસામાં માધવપુર ગામ, માધવરાય મંદિર પાસે કન્યા શાળા સામે પોતાના હવાલાના રહેણાંક મકાનમાં મેડીકલ પ્રેકટીસ કરી કેપ્સ્યુલ તથા ઈન્જેકશનો વિગેરે દવાઓ આપી પ્રેકટીસ કરી કપ્સ્યુલ તથા ટેબલેટ તથા ઈન્જેકશનો તથા મેડીકલ તપાસણીના સાધનો કિંમત રૂા. ૯૭,૯૭૮/– તથા રોકડ રૂા. ૨,૮૩૦/– એમ મળી કુલ રૂા. ૧,૦૦,૮૦૮/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી અન–અધિકૃત રીતે અન્ય વ્યકિતઓની શારીરીક સલામતી જોખમમાં મુકાય એવી રીતે બેદરકારી થી મેડીકલ પ્રેકટીસ કરી મળી આવી પકડાઇ જઇ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીસનર** |

| | |
|---|---|
| | **એકટ–૧૯૬૩ ની કલમ–૩૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?** |
| **(૨)** | **શું હુકમ ?** |

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**–:: કારણો ::–**

**(૭)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>પંચસાહેદનો પુરાવો :–</u>**

(૭.૧) ફરીયાદ પક્ષે **આંક–૦૬ થી પંચસાહેદ રોહિત રમણીકભાઈ અટારાને તેમજ આંક–૦૬ થી બીજા પંચસાહેદ કિશોર વિનુભાઈ રાયમગીયા આંક–૦૭** થી રજુ પંચનામાંમાં તેમની સહી ઓળખી બતાવે છે એ સિવાય પંચનામાં બાબતે તેઓ કાંઈ જાણતા નથી.સદરહું પંચસાહેદ પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું પંચસાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૭.૨) ફરીયાદ પક્ષે **આંક–૦૮ થી ફરિયાદી રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમા** પુરાવો આપતા જણાવે છે કે, ગઈ તા.૧૪/૦૫/૨૦૨૪ કલાક ૯:૦૦ થી અમો તથા એસ.ઓ.જી સ્ટાફના એચ.સી ભરતસિંહ ગોહીલ, રવિભાઈ ચાઉ, મોહીતભાઈ ગોરાણીયા, હરદાસભાઈ ગરચર, દિલીપભાઈ મોઢવાડીયા એ રીતેના માધવપુર ઘેડ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના હેડ કોન્સ.ભરતસિંહ ગોહીલને ખાનગી હકીકત મળેલ કે, માધવપુરના માધવરાજીના મંદીરની સામે કન્યા શાળાની પાસે ભગવાનજીભાઈ તુલષીદાસ કારીયા નામના વ્યકિત સરકારી કોઈ સર્ટી કે લાયસન્સ વગર મેડીકલ પ્રેકટીશ કરે છે.જેથી

અમોએ સ્થળ તપાસ કરી તપાસતા મજકુર ભગવાનજીભાઈ પાસે આ અંગે કોઈ લાયસન્સ કે સરકારી આધાર હોય તો બતાવવા જણાવતા પોતાની પાસે નહીં હોવાનુ જણાવતા મજકુર ઈસમને તથા તેઓના કબજામાં રાખેલ અલગ અલગ દવાઓ બે પંચોની હાજરીમાં ૯૭,૯૭૮ રૂપીયાની દવા કબજે કરી તથા આરોપીની અંગ ઝડતીમાંથી રૂ.૨,૮૩૦/– પંચનામાની વિગતે કબજે કરી પંચો રૂબરુ ધોરણસર અટક કરેલ. બનાવ અંગે મે હાલની ફરીયાદ આપેલી. જે આ કામે **આંક–૦૯** થી રજુ છે.

જયારે સદર ફરીયાદીએ આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,અમો જયારે સ્થળ પર તપાસ માટે ગયેલ ત્યારે અમારી સાથે મેડીકલનો જાણકાર વ્યકિત સાથે ન હતા.મને ગુજરાત રાજયમાં પ્રેકટીશ કરવી હોય તો ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ ૧૯૬૩ થી માહીતગાત છુ.ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ ૧૯૬૩ ની કલમ ૩૪ ની મને ખબર નથી.ગુજરાતમાં મેડીકલ પ્રેકટીશ કરવી હોય તો ગુજરાત બોર્ડ ઓફ આર્યુવેદીક ઓફ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન ધ્વારા પ્રેકટીશ કરવા માટેનુ સર્ટીફીકેટ આપવામાં આવે છે તેવુ હું જાણુ છુ.આ કામના આરોપી પાસે ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ ૧૯૬૩ ની કલમ ૩૪ માટેનુ આર્યુવેદીક પ્રેકટીશ કરવાનુ સર્ટી હતુ.તે સર્ટીફીકેટ આરોપીએ અમને બતાવેલ હતુ.સાહેદ ખુલાસો કરી જણાવે છે કે એલોપેથીક પ્રેકટીશ કરવાનુ સર્ટીફીકેટ ન હતુ.કઈ દવા આર્યુવેદીક અને કઈ દવા એલોપેથીક દવા છે તે અંગે હું નિષ્ણાણ ન હોય તેથી કહી ન શકુ.સાહેદ ખુલાસો કરી જણાવે છે કે અમોએ મેડીકલ દવા અંગે જાણકાર વ્યકિતને બોલાવેલ હતા.આરોપીએ મને જે સર્ટીફીકેટ બતાવેલી તે સબંધેની કોઈ હકીકત મે મારી ફરીયાદમાં જણાવેલ નથી.સાહેદ ખુલાસો કરી જણાવે છે કે તે સર્ટીફીકેટ આર્યુવેદીક પ્રેકટીશ માટેનુ હતુ તેથી લખેલુ ન હતુ.અમે સ્થળ પર પહોચ્યા ત્યારે આરોપી કોઈ દર્દીને તપાસતા હોય તેવુ બનેલ નથી.સાહેદ જણાવે છે કે અમો સ્થળ પર પહોચ્યા ત્યારે દર્દી ભાગી ગયેલ હતો.મારી ફરીયાદમાં દર્દી સ્થળ પર થી ભાગી ગયેલ હોય તેવુ લખેલ નથી.ફરીયાદ આપતા પહેલા આરોપી એલોપેથી પ્રેકટીશ કરતા હોય તે સબંધે કોઈ દર્દીની પુછપરછ મે કરેલ નથી.સરકારના કોઈ વિભાગ ધ્વારા કે

મેડીકલ ક્ષેત્રના કોઈ ખાતા ધ્વારા હાલના આરોપી બોગસ ડોકટર હોવા સબંધે કે આર્યુવેદીક ડોકટર હોવા છતાં એલોપેથીની પ્રેકટીશ કરે છે તેવી કોઈ ફરીયાદ અમોને મળેલ નથી.

**<u>ડોકટરશ્રીનો પુરાવો :–</u>**

(૭.૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૧ થી મેડીકલ ઓફીસર ડો. રવિ રુડાભાઈ ગરચર** પુરાવો આપતા જણાવે છે કે, ગઈ ૧૪/૦૫/૨૦૨૪ ના અરસામાં મેડીકલ ઓફિસર ,હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ,સુભાષનગર ખાતે ફરજ પર હતા અને આ જ તારીખે જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી પોરબંદરના આદેશ અનુસાર અમો એસ.ઓ.જી ઓફિસ પોરબંદર ખાતે માધવપુર કન્યા શાળાની સામે ભગવાનજી તુલષીદાસ કારીયા કોઈપણ જાતની મેડીકલ ડીગ્રી વગર દવાખાનુ ચલાવતા હોય જેથી ભગવાનજી તુલષીદાસ કારીયા ઉવ.૬૬ રહે.માધવપુર, માધવરાય મંદીર પાસે કન્યા શાળાની સામે માધવપુર વાળાઓને પોતાના હવાલામાંથી દવાખાનામાંથી અલગ અલગ પ્રકારની દવાના જથ્થા સાથે એસ.ઓ.જી ઓફિસ પોરબંદર ખાતે લાવેલ હોય અમોને દવાઓ કઈ કઈ પ્રકારની છે તે અંગે અભિપ્રાય આપવા પત્ર લખેલ. જે આજરોજ હું મારી સાથે લઈને આવેલ છું જે પત્ર **આંક–૧૨** થી રજુ છે.**આંક–૧૨** ના પત્ર સાથે આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ જુદા જુદા પ્રકારની દવાઓ લીસ્ટ સાથે મોકલી આપેલ જે દવાઓ અમોએ આ દવાઓને જોતા તમામ દવાઓ એલોપેથીક પ્રકાર દવાઓ હતી અને તે દવાઓ સરકાર માન્ય યોગ્ય ડીગ્રી ધરાવનાર ડોકટર ધ્વારા જ દર્દીની સારવાર માટે આપી શકાય તે પ્રમાણેની હતી જે અભિપ્રાય મે પોલીસને આપેલો. જે **આંક–૧૩** થી રજુ છે તથા દવાઓના લીસ્ટને **આંક–૧૪** આપવામાં આવે છે.

જયારે સદર સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે મારુ આ કામે કોઈ નિવેદન લીધેલ નથી.હું આ કામના આરોપી જો કોઈ જગ્યાએ પ્રેકટીશ કરતા હોય તો તે સ્થળે ગયેલ નથી કે મારી હાજરીમાં કોઈ સ્થળ કાર્યવાહી કરવામાં આવેલ હોય કે દવાઓ કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.મને બનાવ અંગેની તમામ હકીકત પોલીસે જણાવેલ

હતી.હાલના આરોપી કોઈ મેડીકલ પ્રેકટીશ કરે છે કે કેમ તે હું કહી શકુ નહી.એ વાતની મને ખબર નથી કે ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ ૧૯૬૩ની કલમ ૩૪ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં મેડીકલ પ્રેકટીશ કરવા સબંધે સ્પેશ્યલ લાયસન્સ આપવામાં આવે છે.કોઈ વ્યકિતને સરકારશ્રી ધ્વારા મેડીકલ પ્રેકટીશ કરવા માટે પ્રમાણપત્ર આપેલ હોય અને તેઓ પ્રેકટીશ કરતા હોય તો તે ગુન્હો બનતો નથી.આરોપી પાસે પ્રેકટીશ કરવાનુ જે પ્રમાણપત્ર છે તે પોલીસે જોયેલ કે કેમ તેની મને કોઈ જાત માહીતી નથી.જે દવા સબંધે મે પ્રમાણ પત્ર આપેલ છે તે દવાઓ આરોપી પાસેથી જ કબજે કરેલ છે કે કેમ તે હું જાણતો નથી.

<u>**હોસ્ટાઈલ સાહેદનો પુરાવો :–**</u>

(૭.૪) ત્યારબાદ **આંક–૧૭ થી સાહેદ દિપકભાઈ ઓધવજીભાઈ જોષી** એવો પુરાવો આપે છે કે,આજથી આશરે દોઢેક વર્ષ પહેલા મારા ઉપલા અધિકારીના કહેવાથી પોરબંદર એસ.ઓ.જી ઓફિસ ખાતે ગયેલો અને ત્યાં જઈ વાત કરેલ કે હું આરોગ્ય ખાતામાંથી આવુ છુ તો પોલીસે મને સમજ કરેલી કે એક વ્યકિતને કોઈપણ જાતની ડીગ્રી વગર બોગસ ડોકટર તરીકે પ્રેકટીશ કરતા પકડેલ હોય તેવી સમજ કરેલી અને આવી કોઈ વ્યકિત રજીસ્ટ્રર મેડીકલ ડીગ્રી વગર પ્રેકટીશ કરી શકે કે કેમ તેવુ મને પુછતા મે કહેલ કે આ બાબતે હું તમને કોઈ અભિપ્રાય આપી શકુ નહી અને આ અભિપ્રાય માટ 'એમ.બી.બી.એસ ડોકટર જોઈએ ત્યારબાદ મે મારા સી.ડી.એચ.ઓ સાહેબને ટેલીફોન પર આ અંગેની જાણ કરેલ હતી અને તેઓએ મને કહેલ કે હું કોઈ ડોકટરને ત્યાં મોકલુ છુ ત્યારપછી હું ત્યાથી નિકળી ગયેલો.આ સિવાય હું બીજુ કશુ જાણતો નથી. આમ સદરહું સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ નિવડતો નથી.

<u>**પોલીસ સાહેદનો પુરાવો :–**</u>

(૭.૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૮ થી પોલીસ સાહેદ ભરતસિંહ કાળુભા ગોહીલ** પુરાવો આપતા જણાવે છે કે, ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૪ ના અરસામા અમો એસ.ઓ.જી શાખામા હેડ કોન્સ.તરીકે ફરજ પર હતા ત્યારે અમો

તથા એસ.ઓ.જી સ્ટાફના માણસો પી.એસ.આઇ આર.પી. ચુડાસમા સાથે માધવપુર વિસ્તારમા ખાનગી વાહનમા પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અમોને ખાનગી હકીકત મળેલ કે, માધવપુરના માધવરાજીના મંદિરની સામે કન્યા શાળાની પાસે ભગવાનજીભાઇ તુલષીદાસ કારીયા નામના વ્યકિત સરકારી કોઇ સર્ટી કે લાયસન્સ વગર મેડીકલ પ્રેકટીસ કરે છે.જેથી અમોએ સ્થળ તપાસ કરી તપાસતા મજકુર ભગવાનજીભાઇ પાસે આ અંગે કોઇ લાયસન્સ કે સરકારી આધાર હોય તો બતાવવા જણાવતા પોતાની પાસે નહીં હોવાનુ જણાવતા મજકુર ઇસમને તથા તેઓના કબજામા રાખેલ અલગ અલગ દવાઓ બે પંચોની હાજરીમા ૯૭,૯૭૮/– રૂપિયાની દવા કબજે કરી તથા આરોપીની અંગ ઝડતીમાંથી રૂા. ૨,૮૩૦/– પંચનામાની વિગતે કબજે કરી પંચો રુબરુ ધોરણસર અટક કરેલ. સદર ગુનાની સરકાર તરફે ચુડાસમા સાહેબે હાલની ફરીયાદ આપેલી. જે અંગે તપાસ કરનાર અમલદારે મારૂ નિવેદન લીધેલું. આરોપીને જોયેથી ઓળખું છું જે નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,અમો જયારે સ્થળ પર તપાસ માટે ગયેલ ત્યારે અમારી સાથે મેડીકલનો જાણકાર વ્યક્તિ સાથે ન હતા.અમે રેઈડમાં ગયા તે પહેલા આરોપી સામે આરોગ્ય ખાતા તરફથી અમને આરોપી બોગસ મેડીકલ પ્રેકટીશ કરતા હોય અને તપાસમાં જવા સબંધે કોઈ લેખિત જાણ કરેલ નથી.ગુજરાતમાં મેડીકલ પ્રેકટીશનર તરીકે પ્રેકટીશ કરવી હોય તો ચોકકસ કઈ કઈ ઓથોરીટીની માન્યતાના સર્ટીફીકેટ આપવામાં આવે છે તેની મને જાણ નથી.સ્થળ પર કોઈ બોર્ડ મારેલ હોય તેવુ કોઈ સાહીત્ય કબજે કરેલ નથી.અમો સ્થળ પર ગયેલ ત્યારે કોઈ પેસન્ટ હાજર હોય તેવુ બનેલ નથી.અમો સ્થળ પર ગયેલ ત્યારે અમારી હાજરીમાં સ્થળ પર કોઈ દર્દીના નિવેદન નોંધવાની કામગીરી થયેલ હોય તેવુ બનેલ નથી.કઈ દવા આર્યુવેદીક અને કઈ દવા એલોપેથીક દવા કહેવાય તેઅંગે હું નિષ્ણાણ ન હોય તેથી કહી ન શકુ.

**<u>તપાસ અમલદારનો પુરાવો :–</u>**

(૭.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૯ થી ત.ક.અ. ચંદ્રેશભાઇ હાજાભાઇ**

**સોલંકી** પુરાવો આપતા જણાવે છે કે, ગત તા. ૧૪/૦૫/૨૦૨૪ ના અરસામા અમો માધવપુર પો. સ્ટે હેડ કોન્સ. તરીકે ફરજ પર હતા તે દરમિયાન માધવપુર પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૯/૨૪ ઇ.પી.કો કલમ–૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦ મુજબના કામની આગળની તપાસ ફરીયાદ તથા સાધનીક કાગળો સાથે અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ.તપાસ સંભાળ્યા અંગેનો અસલ ડેપ્યુટ હુકમ પી.એસ.ઓ.ની સહી વાળો **આંક–૨૦** થી રજુ છે. અમોને તપાસ મળતા અમોએ મેડીકલ ઓફસરશ્રી મારફતે આરોપી પાસેથી કબજે કરેલ દવાનો અભિપ્રાય મેળવી તપાસના કામે રજુ રાખેલ. જે સદર કામે **આંક–૧૩** થી રજુ છે. અમોએ સદર ગુનાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે આ કામના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા હાલનુ ચાર્જશીટ કરેલ.

જયારે સદર તપાસ અમલદારે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,મને તપાસ મળ્યા બાદ મે તપાસના કામે સ્થળની મુલાકાત લીધેલ. નથી.સ્થળ પરથી આરોપી ડોકટર તરીકેની પ્રેકટીશ કરતા હોય તે સબંધેના બોર્ડ કબજે કરેલ નથી.મારી તપાસ દરમ્યાન આરોપી પાસે કોઈ દર્દીએ સારવાર લીધેલ હોય તેઓના નિવેદન મે લીધેલ નથી.પંચનામાની વિગતે કબજે કરેલ દવાઓ મે તપાસના કામે કબજે કરેલ નથી.પંચનામા મુજબની દવાઓ આરોપીએ કઈ એજન્સી કે દુકાનમાંથી લીધેલ તેના પણ મે કોઈ નિવેદનો લીધેલ નથી.પંચનામામા જણાવેલ દવાઓ મેડીકલ સ્ટોરમાં ઉપલબ્ધ હોય છે.સાહેદ ખુલાસો કરી જણાવે છે તમામ દવાઓ મેડીકલ સ્ટોરમાં ન પણ મળી શકે.મને **આંક–૯** વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં જણાવેલ દવાઓ પૈકી કઈ દવા મેડીકલ સ્ટોરમાં મળી ન રહે તે હું કહી શકુ નહી.આ કામના ફરીયાદી મારા ઉપરી અધિકારી છે.

**પુરાવાકીય મુલ્યાંકન:**

(૮) હાલના કામે આરોપી પર કોઇપણ જાતની ડો.ની માન્ય યુનિવર્સીટીની લાયકાત કે ડિગ્રી ન હોવા છતાં ગઇ તા. ૧૪/૦૫/૨૪ ના કલાક ૧૮:૧૫

વાગ્યાના અરસામાં માધવપુર ગામ, માધવરાય મંદિર પાસે કન્યા શાળા સામે પોતાના હવાલાના રહેણાંક મકાનમાં મેડીકલ પ્રેકટીસ કરી કેપ્સ્યુલ તથા ઇન્જેકશનો વિગેરે દવાઓ આપી પ્રેકટીસ કરી કપ્સ્યુલ તથા ટેબલેટ તથા ઇન્જેકશનો તથા મેડીકલ તપાસણીના સાધનો કિંમત રૂા. ૯૭,૯૭૮/– તથા રોકડ રૂા. ૨,૮૩૦/– એમ મળી કુલ રૂા. ૧,૦૦,૮૦૮/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી અન–અધિકૃત રીતે અન્ય વ્યકિતઓની શારીરીક સલામતી જોખમમાં મુકાય એવી રીતે બેદરકારી થી મેડીકલ પ્રેકટીસ કરી મળી આવી પકડાઇ જઇ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીસનર એકટ–૧૯૬૩ ની કલમ–૩૦ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે. જે આરોપ અનુસંધાને ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાને આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા અનુસંધાને મુલવવામાં આવે તો,

(૮.૧) ફરીયાદપક્ષન કેસ મુજબ આ કામના ફરીયાદી તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કો ભરતસિંહ ગોહીલને ખાનગી રાહે બાતમી મળેલ કે આ કામના આરોપી કોઇપણ જાતની સરકારી ડીગ્રી કે લાયસન્સ વગર મેડીકલ પ્રેક્ટીસ કરે છે જેથી તેઓ સ્થળ પર જઇને તપાસ કરતા આરોપી પાસેથી મેડીકલ પ્રેક્ટીસ કરવા સંબધેનુ લાયસન્સ માંગતા તેઓને પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ. જેથી આરોપીને બે પંચોની હાજરીમાં તેઓના કબ્જામાં રહેલ અલગ અલગ દાવાઓ સાથે અટક કરેલ. જે સાહેદ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે આરોપીએ સર્ટીફીકેટ બતાવેલ હતુ પરંતુ તે સર્ટી એલોપેથી પ્રેક્ટીસ કરવા સંબધેનુ ન હતુ. જે સર્ટીફીકેટ આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે સાહેદ ડો.રવિ રૂડાભાઇ ગરચર પોતાની આંક ૧૧ ની જુબાનીમાં જણાવે છે કે આ કામે કબ્જે કરવામાં આવેલ દવાઓ એલોપેથી પ્રકારની હોવા સંબધે તેઓએ પોતાનો અભિપ્રાય આપેલ હતો. જે સાહેદ પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે તેઓ સ્થળ પર ગયેલ હોય કે તેઓની હાજરીમાં સ્થળ પર કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. જ્યારે સાહેદ દિપકભાઇ ઓધવજીભાઇ જોષી પોતાની આંક ૧૭ની જુબાનીમાં જણાવે છે કે કોઇપણ વ્યક્તિ રજીસ્ટર્ડ મેડીકલ ડીગ્રી

વગર પ્રેક્ટીશ કરી શકે કે કેમ તે સંબધે તેઓ કોઇ અભિપ્રાય આપી શકે નહી જે સાહેદને ફરીયાદપક્ષ તર્ફે એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને તેઓને વિગત વાર સવાલ પુછવામાં આવેલ છે જેમાં પણ તેઓએ તમામ હકીકતની ઇનકારી કરેલ છે.

(૮.૨) વધુમાં આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષનો કેસ મુખ્યત્વે પંચનામા પર આધારીત છે. જે પંચનામુ આ કામે આંક ૦૭ થી રજુ કરવામાં આવેલ છે જે પંચનામાના બન્ને પંચ સાહેદ પોતાની જુબાનીમાં પંચનામામાં માત્ર પોતાની સહી પુરતો જ પુરાવો આપે છે. જે બંને પંચસાહેદને ફરીયાદપક્ષે એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. અને તેઓની એપીપીશ્રી દ્વારા વિગતવારની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં પણ તેઓએ પંચનામાની તમામ કાર્યવાહીનો સાફ શબ્દોમાં ઈનકાર કરેલ છે. વધુમાં આ કામે આરોપી પાસેથી સારવાર લીધેલ હોય તેવા એકપણ સાહેદની તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા પુછપરછ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. આ કામે પંચનામુ ધ્યાને લેતા પણ આરોપીની અટક કરતા સમયે બનાવ સ્થળે કોઇ દર્દી હાજર હોય અને આરોપી તેમની સારવાર કરતા હોય તેવુ પણ જણાઇ આવતુ નથી. તેમજ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી પોતાની જુબાનીમાં જણાવે છે કે તેઓએ બનાવ સ્થળ પર કોઇ દવાખાનાનુ બોર્ડ લગાડેલ હોય તે સંબધે કોઇ ફોટોગ્રાફ લીધેલ હોય તેવુ પણ બનેલ નથી. આ કામે તપાસ કરનાર અમ્લદારશશ્રી દ્વારા ગામના અન્ય રહીશોના નિવેદન લેવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. આમ, આરોપી ભડ ગામમાં ડોક્ટર તરીકે પોતાની પ્રેક્ટીસ ચલાવતા હોય તે સંબધે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા આરોપી પાસે આવનાર અન્ય દર્દીઓની તપાસ કરેલ હોય કે આરોપીએ અન્ય કોઇને સારવાર આપેલ હોય તે સંબધે કોઇ પુરાવો આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ કામે આરોપી ભડ ગામમાં કોઇપણ જાતની માન્ય ડીગ્રી વગર ડોક્ટર તરીકે પોતાની પ્રેક્ટીસ ચલાવતા હોય તે સંબધે ફરીયાદપક્ષ તર્ફે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ આ કામે ફરીયાદપક્ષ આરોપી પાસેથી દવા તથા અન્ય

મેડીકલ ચીજ વસ્તુઓ કબ્જે કરવામાં આવેલ હોવા સંબધેની રીકવરી પણ સાબીત કરી શકેલ નથી. જે સંજોગોમાં આરોપીને ગુન્હા સાથે સાંકળતી તમામ કળીઓ જોડાય નહી ત્યાં સુધી આરોપી સામેનો કેસ સાબીત થયેલ માની શકાય નહી. આમ, હાલના કામે આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ શંકા રહીત સાબીત કરી શકેલ ન હોય મુદ્ધા નંબર ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્ધા નંબર ૨ નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૩૬ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ–૧૯૬૩ ની કલમ–૩૦** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂપીયા ૧૦,૦૦૦/– અંકે દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતજામીન અપીલ સમય સુધીના આપવા હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ મુદામાલ પાવતી મુજબના મુદામાલનો અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા.૨૫ મી માહે માર્ચ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા.૨૫.૦૩.૨૦૨૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**જજ કોડ નં. જીજે–૦૧૧૩૦**